**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૬/૧/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી ૩૦ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૫૩ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૦૯/૧૫**

**વટવા :** આબીદહુસેન મુસ્તાકભાઇ મલેક (રહે.જવાહરલાલ નહેરનગર, શહેરી ગરીબ આવાસ યોજના, વટવા) એ તા.૧૫/૧/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યાનાં સુમારે રહેણાંક નજીકથી પોતાનાં પુત્ર મોહમદ આદિલહુસેન (ઉ.વ.૦૮) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૦/૧૫**

**ઘાટલોડીયા :** હર્ષભાઇ વિનોદભાઇ મકાણી (રહે. મંગલમુર્તિ એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલીફોન એક્સચેન્જ પાસે, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧/૧૫ સવારનાં ૧૦/૦૦ થી તા.૧૫/૧/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ભગોરા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૧/૧૫**

**સરદારનગરઃ** રતનબહેન દીપકભાઈ (ઉ.વ.૪૦) (રહે.સુભાષનગર શાંતીનગરના છાપરાં નોબલનગર, સરદારનગર) તા.૧૪/૧/૧૫ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે શક્તિનગર છાપરાંની પાસે રોડ ક્રોસ કરતાં હતા ત્યારે આઇશર ટેમ્પો નંબર જીજે.ર.એક્સ.૩૧૯૪ ના ચાલકે આઇશર બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી રતનબહેનને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉક્ટરે મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રતનબહેનનાં પુત્ર અમિતભાઇએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.નીનામા ચલાવે છે.

**ગાયકવાડ હવેલી :** હર્ષદકુમાર શાંતીલાલ સોની (રહે.હરી કોમ્પલેક્ષ, લાડ સોસાયટી, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે ઉંટવાળી ચાલીના નાકેથી પોતાના મોટા ભાઇ નવીનચંદ્ર શાંતીલાલ સોની (ઉ.વ.૬૫) એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ફોર વ્હીલ નંબર જીજે.૧.ડી.એ.૫૩૦૭ ના ચાલકે પોતાની ગાડી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી નવીનચંદ્રભાઇને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**પતંગની દોરીથી મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૧૨/૧૫**

**ચાંદખેડા :** ગીરીશભાઇ જશવંતભાઇ પંચાલ (ઉ.વ.૪૦)(રહે.અતિલક્ષ્મી ફ્લેટ, રામાપીરનો ટેકરો, નવા વાડજ) તા.૧૫/૧/૧૫ બપોરના ર/૪૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ સી.જી.રોડ, આર.જે.ફાસ્ટફુડ નજીકથી પોતાની એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અચાનક પતંગની દોરી તેમના ગળામાં આવી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે પુખરાજ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ બપોરનાં ૩/૧૫ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**આત્મહત્યાઃ** **સમાચાર યાદી નં.૧૧૩/૧૫**

**ચાંદખેડા :** જીગ્નેશભાઇ ખેમચંદભાઇ પરમાર (ઉ.વ.૩ર) (રહે.શક્તિકૃપા સોસાયટી, સ્નેહપ્લાઝા, આઇ.ઓ.સી.રોડ, ચાંદખેડા) એ તા.૧૫/૧/૧૫ સાંજનાં ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન લીવરની બીમારીથી કંટાળી જઇ પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.